# 4 આરોગ્ય વીમા વિશે જાણવા જેવી બાબતો

**1** વિવિધ આરોગ્ય વીમાની પોલિસીઓ અલગ અલગ લાભ આપી શકે અને અમુક તમે કયા ડૉક્ટરો, હૉસ્પિટલો અથવા અન્ય પ્રદાતાઓનો ઉપયોગ કરી શકો તે મર્યાદિત કરી શકે.

**2** તમારી વીમા યોજના તમને મળવાપાત્ર કાળજીની ચુકવણીઓ શરૂ કરે ત્યાર પહેલા પ્રત્યેક યોજના વર્ષમાં તમારે કપાતપાત્ર રકમ ચુકવવી પડે તેમ બને. દાખલા તરીકે, ધારી લો કે તમારી કપાતપાત્ર $200 છે. તમારી પાસે $1,250 ઇમરજન્સી રૂમની મુલાકાત છે. તમે કપાતપાત્રને કવર કરવા માટે પ્રથમ $200 ચૂકવો છો. આ કવર કરેલી સેવાઓ માટે તમારે તમારા હિસ્સાની પણ ચુકવણી કરવી પડશે.

**3** તમારે સહ-વીમો અથવા સહ-ચુકવણી ખર્ચમાં ચુકવણી કરવી પડી શકે જ્યારે તમે તબીબી સંભાળ મેળવો, જેમકે ડૉક્ટરની મુલાકાત, હૉસ્પિટલ આઉટપેશન્ટ મુલાકાત અથવા કોઇ પ્રિસ્ક્રિપ્શન. સહ-વીમાની રકમ સામાન્યતઃ ટકાવારી તરીકે હોય છે (દાખલા તરીકે, કુલ ખર્ચના 20%). સહ-ચુકવણીની સામાન્યતઃ નિયત રકમ હોય છે (દાખલા તરીકે, તમારે પ્રિસ્ક્રીપ્શન અથવા ડૉક્ટરની મુલાકાત માટે $10 અથવા $20).

**4** આરોગ્ય વીમા યોજનાઓ હોસ્પિટલો, ડોકટરો, ફાર્મસીઓ અને આરોગ્ય સંભાળ પ્રદાતાઓના નેટવર્ક સાથે કરાર કરે છે. તમે કયા પ્રકારની પોલિસી ખરીદી છે તેના આધારે તમારો પ્લાન ફક્ત તમારી કાળજીની ચુકવણી કરી શકે જ્યારે તમને તે પ્લાનના નેટવર્કના પ્રદાતા પાસેથી તે મળે અથવા તમારે બિલનો વધુ મોટો હિસ્સો ભરવો પડે તેમ બને.

## Health Insurance Marketplace

તમને તમારી માહિતીને ઍક્સેસિબલ ફોર્મેટમાં મેળવવાનો અધિકાર છે, જેમ કે મોટી પ્રિન્ટ, બ્રેઇલ અથવા ઑડિયો. જો તમને લાગે કે તમારી સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે તો તમને ફરિયાદ નોંધાવવાનો પણ અધિકાર છે.

મુલાકાત લો **CMS.gov/about-cms/agency-information/aboutwebsite/CMSNondiscriminationnotice** ની મુલાકાત લો અથવા 1-800-318-2596 પર કોલ કરો. TTY વપરાશકતાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.

HealthCare.gov

CMS Product No. 11631-GU (Gujarati) September 2023

This product was produced at U.S. taxpayer expense.

Health Insurance Marketplace® is a registered service mark of the U.S. Department of Health & Human Services.



# હેલ્થ ઇન્શ્યોરન્સ (આરોગ્ય વીમો) નું મૂલ્ય

## તમને જ્યારે કાળજીની જરૂર હોય ત્યારે આરોગ્ય વીમો ખર્ચ ચુકવવામાં મદદરૂપ થાય છે

કોઇ પણ વ્યક્તિ જાણી જોઇને બિમાર પડતો નથી કે ઇજા નથી પામતો, પરંતુ મોટા ભાગના લોકોને કોઇક સમયે તબીબી કાળજીની જરૂર પડતી જ હોય છે. આરોગ્ય વીમો આ ખર્ચાને પહોંચી વળવામાં મદદ કરે છે અને તમને અતિ ઊંચા ખર્ચ સામે રક્ષણ આપે છે.

## આરોગ્ય વીમો એટલે શું?

આરોગ્ય વીમો એ તમારા અને વીમા કંપની વચ્ચે થયેલ કરાર છે. તમે પ્લાનમાં નોંધી કરો, અને જ્યારે તમે બિમાર પડો અથવા ઇજા થાય ત્યારે કંપની તમારા તબીબી ખર્ચનો અંશ ચુકવવા માટે સહમત થાય છે.

આરોગ્ય વીમાના અન્ય મહત્વપૂર્ણ લાભ છે. Health Insurance Marketplace® માં ઉપલબ્ધ પ્લાન (અને મોટા ભાગના અન્ય પ્લાન) નિશુલ્ક રોગ નિવારક કાળજી પૂરી પાડે છે જેમકે રસીઓ અને ચેક અપ્સ. તે પ્રિસ્ક્રિપ્શન દવાઓની અમુક કિંમત પણ આવરી લે છે.

## હેલ્થ ઇન્શ્યોરન્સ તમને કાળજી માટે ચુકવણી કરવામાં મદદરૂપ થાય છે

શું તમે જાણો છો કે 3-દિવસ હોસ્પિટલમાં રહેવાનો સરેરાશ ખર્ચ લગભગ $30,000 છે? અથવા તો એ કે તુટી ગયેલ પગને સાંધવાનો ખર્ચ $7,500 જેટલો થાય છે? આરોગ્ય વીમો લેવાથી તમને આના જેવા ઉચ્ચ, અણધાર્યા ખર્ચથી બચાવવામાં મદદ મળી શકે છે.

દરેક વીમા યોજનામાં લાભો અને કવરેજનો સારાંશ હોય છે જે દર્શાવે છે કે તે કયા પ્રકારની સંભાળ, સારવાર અને સેવાઓ આવરી લે છે. જ્યારે તમે સેવાઓ મેળવો છો ત્યારે પ્લાન કેટલી ચૂકવણી કરશે તે આમાં શામેલ છે.

## હેલ્થ ઇન્શ્યોરન્સ માટે તમે કેટલી ચુકવણી કરશો

તમે સામાન્યતઃ દર મહિને આરોગ્યના આવરણ માટે પ્રિમિયમ ભરશો અને તમારે પ્રત્યેક વર્ષે કપાતપાત્ર રકમ પણ ચૂકવવાની રહેશે. કપાતપાત્ર એ રકમ છે જે તમે તમારી આરોગ્ય વીમા પ્લાન ચૂકવવાનું શરૂ કરે તે પહેલાં કવર કરેલી સેવાઓ માટે ચૂકવો છો. કપાતપાત્ર રકમ તમામ સેવાઓને લાગુ નથી.

## તમે તમારા પ્રિમિયમ અને કપાતપાત્ર રકમ પેટે કેટલી ચુકવણી કરો છો તેનો આધાર તમારા કવરેજના પ્રકાર પર આધારિત છે.

જ્યારે તમે સેવાઓ મેળવો ત્યારે તમારે કેટલી ચુકવણી કરવી પડશે તે જાણવું પણ મહત્વપૂર્ણ છે.

ઉદાહરણોમાં સમાવેશ છે:

- તમારા કપાતપાત્ર રકમની ચુકવણી કરો ત્યાર બાદ ખિસ્સામાંથી કરવામાં આવતી ચુકવણી (સહવીમો અથવા સહચુકવણી)
- જો તમે બીમાર થાઓ અથવા ઇજા થાય તો તમારે ચૂકવવાની કુલ રકમ (ખિસ્સામાંથી મહત્તમ)

સૌથી સસ્તા પ્રિમિયમવાળી પોલિસી ઘણી સારવારો અને સેવાઓને ન પણ આવરી લેતી હોય.

જો તમે તાજેતરમાં તમારું સ્વાસ્થ્ય કવરેજ ગુમાવ્યું હોય, તો તમે માર્કેટપ્લેસ સાથે ઓછા ખર્ચે, ગુણવત્તાયુક્ત કવરેજ મેળવી શકશો. તમે અત્યારે કવરેજ મેળવવા માટે પાત્ર છો કે કેમ તે જાણવા માટે **HealthCare.gov/get-coverage** ની મુલાકાત લો.

## હું વધારે કેવી રીતે જાણી શકું?

Marketplace દ્વારા કવરેજ અથવા તમારા લાભો અને સુરક્ષા વિશે વધુ જાણવા માટે, **HealthCare.gov** મુલાકાત લો અથવા 1-800-318-2596 પર Marketplace કૉલ સેન્ટરને કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.